રી-ટેન્ડરિંગ કરવાને બદલે અપસેટ વેલ્યુ કરતાં ઓછી રકમ ભરનાર ઈજારદારને ડિપોઝીટ ભરવા પત્ર અપાતાં વિવાદ

# પેટલાદ પાલિકામાં નિયમો નેવે મૂકી બજાર ભાડાનો ઈજારો પધરાવી દેવાની ગતિવિધિ!

**પાલિકાએ** રૂ. સાત હજારની અપસેટ વેલ્યુ સામે રૂ. ૫,૩૨૫માં કોન્ટ્રાક્ટ મંજૂર કર્યો !

(પ્રતિનિધિ) પેટલાદ તા.૭

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રોજેરોજ બજાર ભાડા ઉઘરાવવામાં આવે છે. આ કામ પાલિકા અથવા ઈજારદાર દ્વારા કરવામાં આવે છે. આ માટે પાલિકા દર વર્ષે વાર્ષિક કોન્ટ્રાક્ટ આપી કલેક્શન કરાવે છે. આ બજાર ભાડા માટે તાજેતરમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ પાલિકાની અપસેટ વેલ્યુ કરતાં ઓછી રકમના ચાર ટેન્ડર આવ્યા હતા. છતાં રી-ટેન્ડર પ્રક્રિયા કરવાના બદલે નીચી રકમ વાળા ઈજારદારને કામ આપવાની ગતિવિધી શરૂ થઈ ચુકી છે. આ કામના નિયમો અને શરતોનું ઉલ્લંઘન કરી મનસ્વી નિર્ણય લઈ ઈજારો આપવા પાછળ ભાગબટાઈનું કારણ હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

પેટલાદ નગર પાલિકા હદ વિસ્તારમાં લગભગ 600 થી વધુ વેન્ડર્સ રોજગારી મેળવે છે. જેમાં પાથરણાં, લારી, ગલ્લા, કેબીનો, શાકભાજી અને ફ્રુટની લારીઓ - ટેમ્પીઓ વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ પાસેથી પાલિકા રૂ.10, રૂ.20, રૂ.50 જેવું દૈનિક ભાડું ઉઘરાવે છે. ઉપરાંત શહેરના રાજમાર્ગ પૈકીની જગ્યા ઉપર મંડપ બાંધીને વેપાર કરતા ફર્નિચર, કપડાં, ઓટોમોબાઈલ્સ વગેરે પાસેથી તગડું ભાડું વસુલ કરવામાં આવે છે. આ દરેક ભાડાં ઉઘરાવવા પાલિકા વાર્ષિક ઈજારો આપે છે. ચાલુ વર્ષે આ ઈજારા માટે ગત તા.21 ઓગસ્ટ, 2026ના રોજ ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ હતી. જે મુજબ દૈનિક રૂ. સાત હજાર અપસેટ વેલ્યુ રાખવામાં આવી હતી.

પરંતુ પાલિકાને કુરિયર થકી મળેલા ચાર ટેન્ડર પૈકી ધાર્મિક વિજયભાઈ સોલંકી રૂ.4150, કીર્તન દિનેશભાઈ પટેલ રૂ.3000, વિરેન્દ્ર આર પરમાર રૂ.5325 અને ધૃવ શૈલેષભાઈ મેંગર રૂ.5220ના દૈનિક રકમ સાથે મળ્યા હતા. જે ચારેય ટેન્ડરમાં ભરેલ રકમ અપસેટ વેલ્યુ કરતાં ઓછી હતી. આમ છતાં પાલિકાએ તા.21મી સપ્ટેમ્બર 2026ના રોજ વિરેન્દ્ર આર પરમારને ઈજારાની ડિપોઝીટ ભરવા તથા કરાર કરી લેવા ચીફ ઓફિસરે પત્ર દ્વારા જાણ કરી હતી. આ અંગે પુછતાં ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે ગત વર્ષ કરતાં લગભગ 18 ટકા વધુ રકમ પાલિકાને મળી રહી છે.

### રિ-ટેન્ડરીંગ કરવામાં આવ્યું છે : ચીફ ઓફિસર

આ મામલે પેટલાદ નગર પાલિકાના ચીફ ઓફિસર કૃણાલ પટેલે જણાવ્યું હતું કે, રિ-ટેન્ડરીંગ કરવામાં આવ્યું છે. ઉપરાંત આ માટે કારોબારી મિટીંગમાં ઠરાવ પણ કર્યો છે. જો કે આ સંદર્ભે તપાસ કરતા રિ-ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં નહીં આવી હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત જે ચાર ટેન્ડરોના આધારે નિયમો નેવે મૂકીને નિર્ણય લેવાયો છે, તે પ્રથમ જાહેરાત વખતે આવેલા ટેન્ડરો જ છે.

## વલ્લભ વિદ્યાનગરમાં સેવા જ્યોતિ યાત્રા અને 'વિકસિત ભારત સંકલ્પ સભા' યોજાઈ




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ શાસન અને સેવા યાત્રાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વલ્લભ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સભા' અને 'સેવા જ્યોતિ યાત્રા'નું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા અને વિવિધ પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત નગરજનોએ વડાપ્રધાનનું દેશવ્યાપી વર્ચ્યુઅલ સંબોધન નિહાળ્યું હતું. આ સમારોહ દરમિયાન ચિત્ર, વક્તૃત્વ અને કોલાજ સ્પર્ધાના જિલ્લા કક્ષાના વિજેતા બાળ-પ્રતિભાઓનું સન્માન કરાયું હતું તથા 'વિકસિત ભારત @ ૨૦૪૭' માટેનો સામૂહિક સંકલ્પ લેવાયો હતો. અંતમાં પ્રભારી મંત્રી દ્વારા સેવા જ્યોત પ્રજ્વલિત કરી શાસ્ત્રી મેદાનથી નાના બજાર થઈને સેવા જ્યોતિ સર્કલ સુધીની યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

## આણંદમાં વકીલોએ નવા રેન્ટ કાયદાની નકલ સળગાવી ઉગ્ર વિરોધ કર્યો



આણંદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના વિદ્વાન વકીલોએ નવા રેન્ટ કાયદા-૨૦૨૬ના અમલ સામે સતત ત્રીજા દિવસે હડતાળ પાડી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં એકત્ર થયેલા વકીલોએ જોરદાર સૂત્રોચ્ચાર કરીને કાયદાની નકલ સળગાવી સરકાર સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# ચરોતરના ગેસ વિતરકોએ અનિશ્ચિત સમયની હડતાળની ચિમકી ઉચ્ચારી

**પડતર માગણી** પૂરી નહીં થાય તો ૨૬મીએ દિલ્હીના જંતર-મંતર ખાતે ધરણાં

(પ્રતિનિધિ) કપડવંજ તા.૭

દેશભરમાં ત્રણ જાહેર તેલ કંપનીઓના આશરે ૨૬ હજાર એલપીજી વિતરકો પોતાની વિવિધ પડતર માગણીઓને લઈને વિરોધના રાહે ચડ્યા છે. જો સરકાર દ્વારા તેમની ન્યાયી માગણીઓ તાત્કાલિક ઉકેલવામાં નહીં આવે, તો વિતરકો અનિશ્ચિત સમય માટે દેશવ્યાપી હડતાળ પર ઉતરી જશે.

આ અંગે એલપીજી ડિસ્ટ્રીબ્યુટર એસોસિએશન (આઈ) ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રાજેન્દ્રસિંહ રાઠોડ (કપડવંજ)ના જણાવ્યા અનુસાર, આઈઓસીએલ, બીપીસીએલ અને એચપીસીએલના ૨૬ હજાર વિતરકો આ આંદોલનમાં જોડાયા છે. આ આંદોલનના ભાગરૂપે તમામ જિલ્લાઓમાં કેન્ડલ માર્ચ યોજી વિરોધ નોંધાવાયો હતો.

'નો મની, નો ઈન્ડેન્ટ' કાર્યક્રમ હેઠળ કોઈ પણ વિતરક કંપનીના ખાતામાં નાણાં ટ્રાન્સફર કરશે નહીં કે માગ પત્ર સબમિટ કરશે નહીં. આ ઉપરાંત, ૨૬મી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ દિલ્હીના જંતર-મંતર ખાતે દેશભરના વિતરકો એક દિવસીય વિરોધ અને ધરણાંનો કાર્યક્રમ યોજશે.

આ અંગે સંગઠને વડા પ્રધાન, પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરી અને પેટ્રોલિયમ સચિવ ડો. નીરજ મિત્તલને આ વાજબી માગણીઓ સત્વરે પૂર્ણ કરવા રજૂઆત કરી છે.

જો માગણીઓ નહીં સ્વીકારાય તો અનિશ્ચિત મુદતની હડતાળ પાડવામાં આવશે અને તેના કારણે નાગરિકોને પડનારી અસુવિધા માટે ભારત સરકાર જવાબદાર રહેશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

### વિતરકોની મુખ્ય માગણીઓ

**કમિશન વધારો:** હોમ ડિલિવરી અને વહીવટી ચાર્જ (કમિશન) માં તાત્કાલિક રૂ. ૭૫નો વધારો કરવો.

**ઇ-કેવાયસી મહેનતાણું:** ગ્રાહકો માટે કરવામાં આવતા દરેક e-KYC માટે રૂ. ૨૩૬ મહેનતાણું ચૂકવવું.

**પીએનજીની શરતો રદ કરવી:** પીએનજી લેવા માટે એલપીજી ગ્રાહકો માટેની ફરજિયાત શરતો દૂર કરવાનો આદેશ પાછો ખેંચવો.

**બળજબરીથી વેચાણ પર રોક:** તેલ કંપનીના અધિકારીઓ દ્વારા વિતરકો પાસે સ્ટવ, રબર ટ્યુબ, ફાયરવોલ, ટ્રોલી અને ચા પત્તી જેવા ઉત્પાદનોનું બળજબરીથી વેચાણ કરાવવું બંધ કરવું.

**ગેરકાયદે વેચાણ પર બાન:** આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ ૩ના ઉલ્લંઘનમાં ૫ કિલો અને ૧૯ કિલોના સિલિન્ડરોના ગેરકાયદેસર વેચાણ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવો.

# સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આજે ભવ્ય 'રાસોત્સવ' યોજાશે

**યુનિવર્સિટી** કોલોની ગ્રાઉન્ડ ખાતે ખેલૈયાઓ ગરબે ઘૂમશે



(પ્રતિનિધિ) આણંદ તા.૭

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પરંપરાગત સંસ્કૃતિ અને સંગીતના સમન્વય સમા ભવ્ય 'રાસોત્સવ ૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર મહોત્સવનું અધ્યક્ષસ્થાન યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. (ડૉ.) નિરંજન પટેલ શોભાવશે.

આ રંગારંગ રાસોત્સવ તારીખ ૮મી ઓક્ટોબર ૨૦૨૬, ગુરુવારના રોજ સાંજે ૭:૦૦ કલાકે યુનિવર્સિટી કોલોની ગ્રાઉન્ડ (સેન્ટ્રલ સ્કૂલ સામે, APC પાછળ, વલ્લભ વિદ્યાનગર) ખાતે યોજાશે. આ કાર્યક્રમની શરૂઆતમાં સાંજે ૭:૦૦ કલાકે મા અંબેની મહાઆરતી કરવામાં આવશે.

આ આરતી પ્રસંગે આણંદ જિલ્લા ભાજપ સંગઠનના પદાધિકારીઓ, કરમસદ-આણંદ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તેમજ આણંદ અને વલ્લભ વિદ્યાનગરના વિવિધ શૈક્ષણિક સંકુલોના અગ્રણી પદાધિકારીઓ અને ગણમાન્ય મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે. યુનિવર્સિટી પરિવાર દ્વારા આ ઉત્સવને ઉલ્લાસભેર માણવા માટે તડામાર તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### પેટલાદ કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંસ્થાનું નામ રોશન કર્યું

**પેટલાદ** | આર.કે.પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના વિદ્યાર્થી કલાકારોએ સરદાર પટેલ યુનિ. દ્વારા આયોજિત યુથ ફેસ્ટિવલ (કાલાન્તર)માં જુદી જુદી સ્પર્ધાઓ- ક્લે મોડેલિંગ, પોસ્ટર મેકિંગ, રંગોળી, કાર્ટુનિંગ, ઓન ધી સ્પોટ પેઇન્ટીંગ, કોલાજ, વક્તૃત્વ સ્પર્ધા, ડિબેટ, ક્વિઝમાં 12 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. આ રંગોળી સ્પર્ધામાં બી.એ. સેમેસ્ટર- 01માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કિરણબેન એસ. તળપદાએ ભાગ લીધો હતો અને તેઓ આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતાં બની કોલેજનું ગૌરવ વધાર્યું છે. આચાર્ય ડો. વિમલ જોષી, સાંસ્કૃતિક સમિતિ અને કોલેજ પરિવારે તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.



### આણંદ ખાતે 'નેશનલ એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ' સમારોહમાં શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું

**આણંદ** | બાલરક્ષક પ્રતિષ્ઠાન દ્વારા આણંદના ભાનુભાઈ આઈ. પટેલ એલિકોન હોલ ખાતે 'નેશનલ એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ' સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ જગતમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર શિક્ષકોને મહાનુભાવોના હસ્તે એવોર્ડ, ટ્રોફી અને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા હતા. જેમાં પામોલ શાળાના શિક્ષક ગોવિંદભાઈ રબારી અને ખંભાતની વટાદરા પ્રાથમિક કન્યા શાળાના શિક્ષિકા શીતલબેન ક્રિસ્ટીને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત વક્તાઓએ જણાવ્યું હતું કે શિક્ષકો માત્ર શિક્ષણ જ નથી આપતા પરંતુ રાષ્ટ્રના ભાવિ નાગરિકો અને સમાજનું નિર્માણ કરે છે.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની તોરણા હાઈસ્કૂલમાં બ્રહ્માકુમારીઝ દ્વારા વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો

**કપડવંજ** | કપડવંજ તાલુકાની કે. સી. ભગત માધ્યમિક અને સ્વ. કે. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા તોરણામાં બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બી. કે. પૂજન દીદીએ વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયાની લત અને અન્ય વ્યસનોથી દૂર રહેવા માટેના ઉપાયો સમજાવ્યા હતા. વ્યસનથી પરિવાર, સમાજ અને દેશને થતા નુકસાન અંગે માહિતગાર કરી વિદ્યાર્થીઓને ક્રોધ, અસત્ય અને ચોરી જેવી બુરાઈઓ છોડવાના સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય યોગેશભાઈએ બ્રહ્માકુમારીઝ પરિવારનો આભાર માની ભવિષ્યમાં પણ આવાં કાર્યો યોજવા આહ્વાન કર્યું હતું.



### કપડવંજના જડાવબા શિશુ કેન્દ્રમાં બાળકોએ વેશભૂષા દ્વારા ગાંધી જયંતિની ઉજવણી કરી

**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત જડાવબા શિશુ કેન્દ્ર ખાતે ગાંધી જયંતિની ભાવસભર ઉજવણી અંતર્ગત બાળકોને મહાત્મા ગાંધીજીના સાદગી, સત્ય અને અહિંસાના વિચારો વિશે સમજ આપવામાં આવી હતી. ગાંધીજીના વિચારોને જીવંત કરવાના હેતુથી કેટલાક બાળકોએ ગાંધીજીનો વેશ ધારણ કર્યો હતો. અન્ય બાળકોએ દાંડી યાત્રાનું સુંદર પ્રસ્તુતિકરણ કરીને ગાંધીજીના સત્યાગ્રહ અને સ્વાતંત્ર્ય સંગ્રામના મહત્વનો સરળ પરિચય મેળવ્યો હતો. આ સમગ્ર આયોજન દ્વારા બાળકોમાં દેશપ્રેમ, સત્ય, અહિંસા અને રાષ્ટ્રના મહાન વ્યક્તિત્વો પ્રત્યે સન્માનની ભાવના કેળવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.



### કપડવંજ કોલેજમાં મેડિકલ ઇમરજન્સી અને પ્રાથમિક સારવાર અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો




**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કોમર્સ કોલેજમાં ગુજરાત સરકારના 'સેવા સંકલ્પ' કાર્યક્રમ અંતર્ગત ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અને પ્રાથમિક સારવાર અંગે તાલીમ યોજાઈ હતી. ગોપાલપુરા હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર ડો. મનુભાઈ ગઢવીએ CPRનું મહત્વ સમજાવી ઇમરજન્સી સમયે દર્દીને તાત્કાલિક મદદ અને પ્રાથમિક સારવાર આપવા દિશાનિર્દેશ આપ્યા હતા. કોલેજના આચાર્ય ડો. વિષ્ણુપ્રસાદ સી. ત્રિવેદીએ સ્વાગત પ્રવચનમાં અકસ્માતગ્રસ્ત વ્યક્તિઓની મદદે આગળ આવવા સૌને આહવાન કર્યું હતું.

### આણંદ આઈ.ટી.આઈ. ખાતે ફાયર અવેરનેસ ટ્રેનિંગનું આયોજન કરાયું

**આણંદ** | કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી દ્વારા લાંભવેલ રોડ સ્થિત આણંદ આઈ.ટી.આઈ. ખાતે ફાયર અવેરનેસ ટ્રેનિંગ યોજવામાં આવી હતી. ચીફ ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ ફાયર ટીમ દ્વારા ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૯ શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ દરમિયાન પ્રાથમિક ધોરણે આગ બુઝાવવાની પદ્ધતિઓ, ફાયર એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ અને રેસ્ક્યૂ કામગીરી અંગે માહિતી અપાઈ હતી. તેમજ આઈ.ટી. આઈ.માં લગાવેલ અગ્નિશામક યંત્રો દ્વારા પ્રેક્ટિકલ પ્રેઝન્ટેશન આપીને સ્થાનિકોને જાગૃત કરાયા હતા.



### ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં 'ચિંતનાત્મક લેખન કાર્ય' અંગે અતિથિ વ્યાખ્યાન યોજાયું



**આણંદ** | શહેરની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે જ્ઞાનાત્મક ધારા હેઠળ 'ચિંતનાત્મક લેખન કાર્ય' વિષય પર અતિથિ વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ખંભાતની બી. સી. જે. કોલેજ ઓફ એજ્યુકેશનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. હર્ષાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તાલીમાર્થીઓમાં અવલોકન, આત્મચિંતન, વિશ્લેષણ, અભિવ્યક્તિ તેમજ લેખન કૌશલ્યનો વિકાસ કરવા સંબંધિત વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સંચાલન ચેરમેન વોલેસ ક્રિશ્ચિયન અને અધ્યાપિકા ડો. મનીષા પરમાર તથા અધ્યાપક ગણના સહયોગથી કરવામાં આવ્યું હતું.

### સરદાર વલ્લભભાઈ પટેલ બાલશાળાના વિદ્યાર્થીઓનું ખેલ મહાકુંભમાં શાનદાર પ્રદર્શન

**આણંદ** | સરદાર વલ્લભભાઈ પટેલ શિશુવિહાર અને બાલશાળા (ખેતીવાડી, આણંદ)ના બાળ-ખેલાડીઓએ 'ખેલ મહાકુંભ-૨૦૨૬'માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં અંડર-૯ કેટેગરીમાં જયવીર રાઠોડે ૩૦ મીટર દોડમાં તેમજ અંડર-૧૧ કેટેગરીમાં રાજવીર ભરવાડે ૫૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત અંડર-૧૧ બ્રોડ જમ્પમાં નિત્યા વસાવા અને હેનિલ પટેલે પ્રથમ ક્રમ મેળવ્યો છે, જ્યારે અન્ય વિવિધ સ્પર્ધાઓમાં મોહિત, મૈત્રી, આયુષી, પ્રકૃતિ અને કશિશે ક્રમાંક મેળવી ઝળહળતી સિદ્ધિ મેળવી છે. આ પ્રેરણાદાયી સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડિરેક્ટર મહેશભાઈ પટેલ, આચાર્ય જીગ્નેશ પ્રણામી અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.



### મહિસાગરના ડીટવાસ પોલીસ સ્ટેશનની રેન્જ ડીઆઈજીપીની સત્તાવાર મુલાકાત લીધી

**લુણાવાડા** | મહીસાગર જિલ્લાના ડીટવાસ પોલીસ સ્ટેશનની પંચમહાલ રેન્જ ડીઆઈજીપી દ્વારા સત્તાવાર મુલાકાત લેવામાં આવી હતી, જેમાં મહીસાગર જિલ્લા પોલીસ વડા સફીન હસન પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બનાવવાનો તથા પ્રજાભિમુખ પોલીસિંગને વેગ આપવાનો હતો. અધિકારીઓએ અરજદારોની ફરિયાદો અને રજૂઆતો શાંતિપૂર્વક સાંભળીને ઝડપી ન્યાયી નિકાલની ખાતરી આપી હતી તેમજ સ્થળ પર જ વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.




### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક કૃષિ ઉપજ વેચાણ કેન્દ્ર અઠવાડિયામાં બે દિવસ રહેશે



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના બોરસદ ચોકડી સ્થિત એટીક બિલ્ડીંગ ખાતે પ્રાકૃતિક કૃષિ ઉપજનું વેચાણ કરતા ખેડૂતોએ કુલપતિ ડો. એમ. પી. પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ ચર્ચા દરમિયાન કુલપતિએ ખેડૂતોને તમામ મદદની ખાતરી આપી ખેડૂતોની માંગણી મુજબ આ વેચાણ કેન્દ્ર અઠવાડિયામાં બે દિવસ ખુલ્લું રાખવાની મંજૂરી આપવાની જાહેરાત કરી હતી. આ અઠવાડિક બજારથી ખેડૂતોને પોતાની ઉપજ માટે સીધું બજાર મળવાની સાથે આણંદના નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત આહાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

### મહીસાગર જિલ્લાની ૧૩૧૬ આંગણવાડીઓમાં સેવા સંકલ્પ અભિયાન સંપન્ન

**લુણાવાડા** | મહીસાગર જિલ્લાના ૧૩૧૬ આંગણવાડી કેન્દ્રોમાં રાજ્યવ્યાપી સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સ્વચ્છતા, વૃક્ષારોપણ અને વહીવટી સુધારણાના કાર્યક્રમો યોજાયા હતા. જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને ગ્રામજનોના સક્રિય શ્રમદાનથી આંગણવાડી પરિસરની સઘન સફાઈ કરી કચરાનો યોગ્ય નિકાલ કરાયો હતો. એક પેડ મા કે નામ હેઠળ વૃક્ષારોપણ સાથે બાળકોને આરોગ્યપ્રદ ટેવો માટે WASH પ્રવૃત્તિનું પ્રાયોગિક નિદર્શન આપવામાં આવ્યું હતું. બિનઉપયોગી સામગ્રીનો નિકાલ કરી વહીવટી સુગમતા અર્થે જૂના રેકોર્ડનું વર્ગીકરણ અને ડિજિટાઈઝેશન હાથ ધરાયું હતું.

